# અરજી પત્રક

પ્રતિ,

સંયુક્ત કમિશનર,

વિભાગીય વિશ્લેષણ સમિતિ, ગાંધીનગર-૨

બ્લોક નં.૧૯/ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

જુના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અરજદારનું પુરૂ નામ | | અટક | નામ | પિતા/પતિનું નામ |
| | | | | | |
| (૨) | પત્ર વ્યવહારનું સરનામું | | | | |
| | | | | | |
| | | | | | |
| | મોબાઈલ નં. | | | | |
| | ઈ-મઈલ એડ્રેસ | | | | |
| (૩) | જન્મ તારીખ | | | | |
| (૪) | ઉંમર (અરજી સ્વીકારવાની અંતિમ તારીખ) | | | | |
| (૫) | અભ્યાસ | | | | |
| | ક્રમ | પદવી | માન્ય યુનિવર્સિટીનું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ટકા/વર્ગ |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |
| (૬) | અન્ય લાયકાત | | | | |
| | | | | | |
| | | | | | |
| (૭) | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment કરાવ્યા તારીખ | | | | |
| (૮) | નોંધ :- (અનુભવ બાબતનું પ્રમાણપત્ર ફરજિયાત અરજી સાથે જોડવાનું રહેશે.) | | | | |

**<u>વિભાગીય વિશ્લેષણ સમિતિ, ગાંધીનગર-૨ કચેરીના લીગલ ઓફિસરની જગ્યા માટે અરજી કરવા અંગેની અન્ય માર્ગદર્શક સૂચનાઓ</u>**

**<u>(અ) શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અનુભવની વિગતો:-</u>**

1. માન્ય યુનિવર્સિટીની કાયદાની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ.
2. ઉમેદવારની ઉંમર ૪૫ વર્ષથી વધારે હોવી જોઈએ નહી.
3. ખાનગી, સરકારી તેમજ અર્ધ સરકારી ક્ષેત્રમાં ઓછામાં ઓછો ત્રણ (03) વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
4. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ.
5. કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
6. બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં નોંધણી ધરાવતા હોવું ફરજીયાત.

(ક) અન્ય સૂચનાઓ:-

1. જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહી. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો તથા ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર અને એપોઇમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે.
2. પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક આદિજાતિ વિકાસ વિભાગના......................................થી નક્કી થયેલ શરતો અને બોલીઓને આધિન અને ............................થી નક્કી થયેલ માસીક વેતનથી સંયુક્ત કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી ઠરાવે તે મુજબ રહેશે.
3. ઉમેદવારની કોઈપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની અરજી/નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.
4. સીધી કે આડકતરી રીતે પસંદગી સમિતિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
5. આપેલ જાહેર ખબર કોઈપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો સંયુક્ત કમિશનરશ્રીનો સંપૂર્ણ હક્ક રહેશે. સંયુક્ત કમિશનરશ્રી આ માટેના કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
6. જાહેરાતની પ્રતિક્ષા યાદી છ (૬) માસ સુધી માન્ય ગણવામાં આવશે.

**<u>શરતો અને બોલીઓ</u>**

1. શ્રી............................................... ને કરારના સમયગાળા દરમ્યાન રૂ.૬૦,૦૦૦/-નો માસિક ફીક્સ પગાર મળશે. તેઓશ્રીની નિમણુંક ૧૧ માસના કરારના ધોરણે ગણવામાં આવશે.
2. ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીક્સ પગારની રકમ નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
3. નિયત ફીક્સ પગાર પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.
4. કરારના સમયગાળા દરમિયાન લીગલ કન્સલટન્ટને ફીક્સ પગાર વેતનમાં કોઈપણ પ્રકારનો ઈજાફો મળવાપાત્ર થશે નહી. તથા મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત, પગારપંચના લાભો કે સેવા વિષયક બીજા જોઈ પણ લાભો મળવાપાત્ર થશે નહિ.
5. કરાર દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી, એનકેશમેન્ટ ઓફ લીવ પેશગી, કે તેવા અન્ય કોઈ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભો તથા મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહિ.
6. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની ફીક્સ પગાર વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાંકીય લાભ, એક્ષગ્રેશીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.
7. શ્રી............................................... ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટિસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસે પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહી.
8. શ્રી............................................... ને ઉક્ત સમય દરમિયાન માસિક ૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે એમ વાર્ષિક ધોરણે ૧૧ રજા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર રહેશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. અનિવાર્ય સંજોગોના કારણે વધુ રજા લેવાં થાય તો તેઓની ગેરહાજરીના સમયગાળા સામે તેઓને મળનાર વેતનની રકમમાંથી ઘટતી કપાત કરવામાં આવશે.
9. શ્રી................................................. એ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

10. કરારની કોઈ પણ શરત ભંગ થતાં જણાશે અથવા સરકારી અધિકારીને ન છાજે તેવું વર્તન અથવા કામગીરી ભંગ થતાં જણાશે તો કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વગર કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે. તેમજ આ બાબતે સંયુક્ત કમિશનરનો નિર્ણય આખરી ગણાશે. વધુમાં આ બાબતે યોગ્ય શિક્ષાત્મક અથવા જરૂરી પગલા લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
11. વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર ફીક્સ પગારમાંથી કરી લેવામાં આવશે.
12. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.
13. નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલી સેવા બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.
14. કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટે કોઈ હક્ક પ્રાપ્ત થશે નહી.
15. કરાર ના સમયગાળા દરમ્યાન તેમજ કરાર પૂર્ણ થયા પછી પણ અન્ય જે કોઈ અગત્યની માહિતી તેમના ધ્યાનમાં કે જાણમાં આવે તો તે માહિતી “કાયદા અધિકારી” ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહી કે જાહેર કરી શકશે નહિ. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની રહેશે.
16. આ કરાર આધારીત ફરજ ઉપર જોડતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
17. સદરહુ નિમણૂક ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલયન, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: TDD/MKM/e-file/25/2022/1347/K, તા.૨૮/૦૫/૨૦૨૫ સચિવાલયની શરતો અને બોલીઓને આધીન રહેશે.

# બાંહેધરી પત્ર

આથી હું.......................................................................................જાહેર કરુ છુ કે, ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણ પણે સત્ય છે, તેમજ ઉપરોક્ત તમામ શરતો મેં વાંચી છે. જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો સંયુક્ત કમિશનર વિભાગીય વિશ્લેષણ સમિતિ, ગાંધીનગર-૨ દ્વારા જે કાઈપણ નિર્ણય લેવાશે તે મને બાંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ:- (ઉમેદવારની સહી)